મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

"ખાંડ પરિવહન"ની કામગીરી અંગે ટેન્ડર નોટીસ

સવિનય જણાવવાનું કે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., (દૂધસાગર ડેરી) – મહેસાણા દ્વારા સંઘ માટે ૧૦૦ કિલો/૫૦ કિલો/૨૫ કિલો કટ્ટામાં ખરીદમાં આવેલ ખાંડ, દક્ષિણ ગુજરાતમાં આવેલ "શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., ધારીખેડા – ભરૂચ અને સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી – નવસારી સુગર ફેક્ટરીઓમાંથી ટ્રક/ટ્રકો મારફત સંઘના એકમો દૂધસાગર ડેરી – મહેસાણા તથા દૂધસાગર ડેરી – વિહાર, તાલુકો – વિજાપુર સ્ટોર ખાતે પહોંચતી કરવા માટેનો ખાંડ પરીવહનનો કોન્ટ્રાક્ટ તા. ૦૧.૧૨.૨૦૨૬ થી ૩૦.૧૧.૨૦૨૮ સુધી ૦૨ વર્ષ માટે આપવાનો હોઈ, સદરહુ કામગીરીમાં રસ ધરાવતા ટ્રાન્સપોર્ટરો પાસેથી પ્રતિ ટન મુજબના ભાવ (ટોલ ટેક્ષ તેમજ અન્ય ખર્ચા બધું મળીને) સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. બંધ કવર પર **"ખાંડ પરિવહનની કામગીરી માટેનું ભાવપત્રક"** તેમ લખવું. સદર ટેન્ડર અંગેની વધુ માહિતી તેમજ ટેન્ડર કોપી સંઘની ડેરી વેબસાઈટ www.dudhsagardairy.coop ઉપરથી તા.૧૭.૧૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર સાથે ટેન્ડર ફી પેટે રૂપિયા ૧૧૮૦ /- (૧૮% જી.એસ.ટી.સાથે) અને ટેન્ડર ઈ.એમ.ડી. પેટે રૂપિયા ૧૦,૦૦૦ /- ના **Mehsana District Co Operative Milk Producer's Union Limited – Mehsana** ના નામના બન્ને ડીમાંડ ડ્રાફ્ટ જોડવાના રહેશે. ભાવ ભરેલ ટેન્ડર કોપી તા.૨૪.૧૧.૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી દૂધસાગર ડેરી – મહેસાણા ખાતે જમા કરાવવાની રહેશે.

સદર ટેન્ડરને કોઈપણ જાતનું કારણ આપ્યા સિવાય મંજુર અથવા નામંજુર કરવાનો તથા નેગોશિયેશન કરવાનો અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીને રહેશે.

ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર
મહેસાણા જિ.સ.દૂ.ઉ.સંઘ લિ., મહેસાણા

તા.૧૬.૧૧.૨૦૨૬

નોટીસ બોર્ડ : ડેરી ઓફીસ /ફેક્ટરી

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

ખાંડ પરિવહન કોન્ટ્રાક્ટ અંગેનું ટેન્ડર ફોર્મ

(વર્ષ ૨૦૨૬ - ૨૮)

દક્ષિણ ગુજરાતમાં આવેલ "શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., ધારીખેડા – ભરૂચ અને સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી – નવસારી ખાતેથી સંઘ માટે ૧૦૦ કિલો/૫૦ કિલો/ ૨૫ કિલો કટ્ટામાં ખરીદ કરવામાં આવેલ ખાંડ ટ્રક મારફત દૂધસાગર ડેરી, મહેસાણા તથા દૂધસાગર ડેરી, વિહાર, તા. વિજાપુર સ્ટોર ખાતે પહોંચતી કરવા માટેનો "ખાંડ પરીવહનનો કોન્ટ્રાક્ટ".

- **ખાંડ પરિવહન કોન્ટ્રાક્ટનો સમયગાળો : ૦૧.૧૨.૨૦૨૬ થી ૩૦.૧૧.૨૦૨૮**
- **સદર ટેન્ડર તા.૧૭.૧૧.૨૦૨૬ થી સંઘની ડેરી વેબસાઈટ** www.dudhsagardairy.coop **ઉપરથી સવારે ૧૧:૩૦ કલાકે ડાઉનલોડ કરી શકાશે.**
- **ટેન્ડરને લગતી તમામ પ્રકારની માહિતી સંઘની ડેરી વેબસાઈટ** www.dudhsagardairy.coop **પર પ્રકાશિત કરવામાં આવેલ છે.**
- **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ ૨૪.૧૧.૨૦૨૬ ને ૧૮:૦૦ કલાક સુધી રહેશે.**

ટેન્ડર ફી રૂ.૧૧૮૦/-(૧૮% જી.એસ.ટી સાથે નોન રીફંડેબલ)

ટેન્ડર ઈ.એમ.ડી. રૂ.૧૦,૦૦૦/-

(ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થતાં પરત કરવામાં આવશે.)

(ટેન્ડર સાથે "**Mehsana District Co Operative Milk Producer's Union Limited – Mehsana** નામના ઉપરોક્ત બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ ફરજીયાત જોડવાના રહેશે.)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

પ્રતિશ્રી,
ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી,
દૂધસાગર ડેરી,
મહેસાણા

વિષય : દક્ષિણ ગુજરાતમાં આવેલ સુગર ફેકટરીઓમાંથી ખાંડ પરિવહનની કામગીરી કરવા બાબત.....

માનનીય સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે, આપની જાહેરાતની અનુસંધાન દક્ષિણ ગુજરાતમાં આવેલ "શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ., ધારીખેડા – ભરૂચ અને સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ., ગણદેવી – નવસારી સુગર ફેક્ટરીઓમાંથી સંઘ દ્વારા ૧૦૦ કિલો/૫૦ કિલો/૨૫ કિલોનાં કટ્ટામાં ખરીદમાં આવેલ ખાંડ ટ્રક મારફત સંઘના એકમો દૂધસાગર ડેરી – મહેસાણા તથા દૂધસાગર ડેરી – વિહાર, તાલુકો – વિજાપુર સ્ટોર ખાતે પહોંચતી કરવા માટેનો ખાંડ પરીવહનનો કોન્ટ્રાક્ટ હું /અમો નીચેના ભાવ, ટેન્ડરની શરતો અને સંઘના નીતિ – નિયમો મુજબ લેવા સહમત છુ/છીએ.

જમા કરાવેલ ડીમાંડ ડ્રાફ્ટની વિગત :

(૧) **ટેન્ડર ફી** રૂપિયા ૧૧૮૦/- (૧૮ % જિ.એસ.ટી સાથે પરત મળવાપાત્ર નથી)

બેન્કનું નામ :.....

ડી.ડી.નં.:..... તા.....

(૨) **ટેન્ડર ઈ.એમ.ડી.** રૂપિયા ૧૦,૦૦૦/- (ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થતાં પરત મળવાપાત્ર કરવામાં આવશે)

બેન્કનું નામ :.....

ડી.ડી.નં.:..... તા.....

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

ભાવપત્રક

Sr. No	Name and address of sugar factory	Delivery Location	Approx. Yearly Qnty	Basic Rate / MT With Toll Tax and including all)
1	Shree Narmada Khand Udyog Sahakari Mandli Ltd. At Dharikheda, PostTimbi-393140 , via Pratapnagar SPO, Ta.Valod, Dist. Narmada	**Dudhsagar Dairy - Mehsana**	**2500 MT**	
2	Shree Narmada Khand Udyog Sahakari Mandli Ltd. At Dharikheda, PostTimbi-393140 , via Pratapnagar SPO, Ta.Valod, Dist. Narmada	**Dudhsagar Dairy - Vihar**	**2500 MT**	
3	Sahakari Khand udyog Mandal ltd., Gandevi-396360,Via Bilimora, Dist.Navsari	**Dudhsagar Dairy - Mehsana**	**2500 MT**	
4	**Holding Charge** (at Dairy Premises): **After 24 Hrs Per Day Rs.--------->**			

ખાસ નોંધ :-

૧. ખાંડ પરિવહન કામગીરીના ભાવ પ્રવર્તમાન ડીઝલના એવરેજ ભાવ પ્રતિ લીટર ૯૮.૧૨ પ્રમાણે ટોલ ટેક્ષ તેમજ અન્ય ખર્ચા સાથેના ભરશો. ટેન્ડરની શરતો મુજબ કોન્ટ્રાક્ટ દરમ્યાન ડીઝલમાં થતા ભાવ ફેરફાર મુજબ ખાંડ પરિવહન કામગીરીના ભાવમાં ફેરફાર કરવામાં આવશે.

૨. ઉપરોક્ત ભાવો પર સરકારી ધારા – ધોરણ મુજબ લાગુ પડતો જી.એસ.ટી. અલગથી રહેશે.

૩. ટેન્ડરની શરતો અને સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે.

ટ્રાન્સપોર્ટનું નામ :.....

ટ્રાન્સપોર્ટરનું નામ :..... મોબાઈલ નં.....

સરનામું :.....

.....

FSSAI લાયસન્સનં.:.....FSSAI લાયસન્સ પૂરું થવા તારીખ.....

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

ખાંડ પરિવહન કામગીરી અંગેની શરતો

૧ **શબ્દોનું અર્થઘટન:** આ શરતો મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.(દૂધસાગર ડેરી) – મહેસાણા માટે "ખાંડ પરિવહન ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ" ની શરતો તરીકે ઓળખાશે. જ્યાં – જ્યાં 'સંઘ' શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે ત્યાં – ત્યાં "મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.," - મહેસાણા સમજવું તેમજ 'ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી' એટલે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. મહેસાણા ના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી. કંપની /ટ્રાન્સપોર્ટર /કોન્ટ્રાક્ટરશ્રી/ઇજારદાર એટલે કોન્ટ્રાક્ટમાં મુકેલ ટ્રકના માલિક કે કંપની સમજવાનું રહેશે.

૨ **કોન્ટ્રાક્ટના સમયગાળા બાબત** : ખાંડ પરિવહન કામગીરીનો કોન્ટ્રાક્ટ તા.૦૧.૧૨.૨૦૨૬ થી ૩૦.૧૧.૨૦૨૮ સુધીનો રહેશે. પરંતુ કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન આપને સોંપેલ ખાંડ પરિવહનની કામગીરી અસંતોષકારક જણાતાં કોઈપણ સમયે, વગર નોટીસે તાત્કાલિક અસરથી આપને સોપેલ સદર કોન્ટ્રાક્ટ રદ કરવાનો સંઘને અબાધિત અધિકાર રહેશે. આવા સંજોગોમાં સંઘ તરફથી આપને કોઈ વળતર કે રકમ ચુકવવામાં આવશે નહિ. સંઘને જરૂરીયાત જણાતાં સદર કામગીરીની મુદત પરસ્પર સહમતીથી આગળ લંબાવવામાં આવશે.

૩ **ભાગીદારી પેઢી અંગે :** ભાગીદારી પેઢીના નામે કોઈ ટેન્ડર ભર્યું હશે તો ટેન્ડર રજુ કરતી વખતે ભાગીદારી લેખની ખરી નકલ તથા ભાગીદારીના પૂર્ણ નામ – સરનામાની વિગત રજુ કરવાની રહેશે. ભાગીદારી પેઢી વતી જે વ્યક્તિને અધિકાર આપવામાં આવ્યો હશે, તે વ્યક્તિ સાથે જ સંઘ તમામ વ્યવહાર કરશે. તે સિવાય બીજી કોઈ વ્યક્તિ સાથે વ્યવહાર કરવામાં આવશે નહિ. કોન્ટ્રાક્ટ સમયગાળા દરમ્યાન ભાગીદારી પેઢીના માળખામાં જો કોઈ ફેરફાર થાય તો તેની લેખિત જાણ દિન – ૦૩ માં સંઘને કરવાની રહેશે અને જરૂર પડે નવો ભાગીદારી લેખ અગર ભાગીદારી છૂટી કરવાનો લેખ અગર બીજા લેખો જે થયા હોય તેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. વ્યક્તિગત નામે ટેન્ડર ભરવામાં આવેલ હશે તો તેજ વ્યક્તિના સહી – સિક્કા ચાલશે.

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

૪ **ખાંડ પરિવહન કામગીરીનો ભાવ, તેમાં વધારો /ઘટાડો :**

(૧) તા.૦૧ થી ૧૫ નવેમ્બર ૨૦૨૬ ના પ્રવર્તમાન ડીઝલના એવરેઝ ભાવ પ્રતિ લીટર ૯૮.૧૨/- ધ્યાનમાં લઇ, ટોલ ટેક્ષ તેમજ અન્ય ખર્ચા ધ્યાનમાં લઇ ભાવ ભરવાનો રહેશે. કોન્ટ્રાક્ટના સમય દરમ્યાન સરકારશ્રી તરફથી જ્યારે ડીઝલના ભાવમાં વધારો કે ઘટાડો થાય ત્યારે તેની ક્યુમીલીટી ગણતરી કરતાં ૧૫ દિવસની એવરેજમાં (તા. ૦૧ થી ૧૫ અને ૧૬ થી ૩૦/૩૧ સુધીની તારીખોમાં) રૂ. ૧-૦૦ કે તેથી વધુ રકમનો પ્રતિ લીટર ડીઝલના એવરેજ ભાવોમાં વધારો કે ઘટાડો થશે તો તે પછીની તા.૧૬ કે ૦૧ તારીખથી મુળ ભાવ/રેટના ડીઝલ ભાવમાં ક્યુમીલીટી વધ - ઘટની ગણતરી મુજબ વધ /ઘટ મજરે આપવામાં/કાપવામાં આવશે.

(૨) ઉપરોક્ત સૂચિત સુગર ફેકટરીઓ ખાતેથી ખાંડની બોરી/કટ્ટા ટ્રકમાં ચઢાવવા અને સંઘમાં ડેરી સ્ટોર્સ ખાતે ઉતારવાની લોડીંગ/અનલોડીંગની લેબર કામગીરી આપે કરવાની રહેશે નહિ. પરંતુ કોઈ અન્ય ખર્ચ ચુકવવાનો થતો હોય તો તે ધ્યાનમાં લઇ ભાવ ભરવાના રહેશે. અલગથી કોઈ ભાવ કે ખર્ચ ચુકવવામાં આવશે નહિ.

(૩) કોન્ટ્રાક્ટમાં મુકવામાં આવેલ ટ્રક અને ડ્રાઈવરને ડેરીમાં રાત્રી રોકાણ માટેની છુટ – છાટ આપવામાં આવશે. તેમના માટે અલગથી કોઈ વ્યવસ્થા સંઘ દ્વારા કરવામાં આવશે નહિ. તેમજ રોકાણ (હોલ્ટિંગ) અંગેનો ચાર્જ અલગથી ચુકવવામાં આવશે નહિ.

૫ **ખાંડ પરિવહન માટે ટ્રકની ક્ષમતા** : દૂધસાગર ડેરી , મહેસાણા તથા દૂધસાગર ડેરી – વિહાર ખાતે વજન કાંટાની ક્ષમતા કુલ ૫૦ મેટ્રિક ટનની હોવાથી ૨૫ મેટ્રિક ટન અને ૩૦ મેટ્રિક ટન સુગર પરિવહન કરી શકે તે મુજબની ક્ષમતાના ટ્રકનો ઉપયોગ ખાંડ પરિવહન માટે કરવાનો રહેશે. જો વજન કાંટાની ક્ષમતાથી વધુ ખાંડ ટ્રકમાં ભરવામાં આવશે અને વજન ઘટાડવા આપની ટ્રકમાંથી વધારાની ખાંડની બોરી /કટ્ટા ઉતારવા

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

અન્ય વાહનની વ્યવસ્થા તેમજ જે લેબર ખર્ચ થશે તે આપના બિલમાંથી કપાત કરી બીલ ચુકવવામાં આવશે.

૬ **સિક્યુરીટી ડીપોઝીટ, વધારાની ડીપોઝીટ, પેટા કોન્ટ્રાક્ટ, ભાડું, ટેક્ષ અને બીલ પેમેન્ટ બાબત :**

(૧) **સિક્યુરિટી ડીપોઝીટ :** ખાંડ પરિવહનની કામગીરીનો ઓર્ડર મળતાં દિન – ૦૫ ની અંદર સિક્યુરિટી ડીપોઝીટ પેટે રૂપિયા ૨,૦૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પુરા) નો **Mehsaa District Co Operative Milk Producer's Union Limited – Mehsana** ના નામનો ડીમાંડ ડ્રાફ્ટ સંઘમાં જમા કરવાનો રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટના સમયગાળા દરમ્યાન સંઘમાં ટ્રાન્સપોર્ટર ખાતે જમા લેવામાં આવશે. જેના પર કોઇજ પ્રકારનું વ્યાજ ચુકવવામાં આવશે નહિ. જે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યેથી જરૂરી કાગળો સાથે આપની લેખિત માગણી આવતાં ૦૨ મહિનાની અંદર પરત કરવામાં આવશે.

(૨) **વધારાની ડીપોઝીટ:** વધારાની ડીપોઝીટ પેટે દર વખતના બીલમાંથી ૫% પ્રમાણે કપાત અલગથી કરવામાં આવશે. સદર રકમ સંઘમાં વ્યાજ મુક્ત જમા રહેશે. નાણાંકીય વર્ષના અંતે જરૂરી કાગળો સાથે આપની લેખિત માગણી આવતાં ૦૧ મહિનાની અંદર પરત ચુકવવામાં આવશે.

(૩) **ભાડું:** ખાંડ પરિવહન કામગીરીનું ભાડું સંઘે સૂચિત કરેલ ખાંડના જથ્થા અનુસંધાન ખરેખર પરિવહન કરેલ જથ્થાના ગુણાંકમાં નિયત થયેલ પ્રતિ ટન ભાવ મુંજબ રૂપિયામાં સંઘ ખાતે રજીસ્ટર આપના બેંક ખાતામાં ચુકવવામાં આવશે.

(૪) **કોન્ટ્રાક્ટ ટ્રાન્સફર /પેટા કોન્ટ્રાક્ટ અંગે :** સદર ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ આપ કોઈના નામે બદલી કરી શકશો નહી કે અન્ય કોઈને પેટા કોન્ટ્રાક્ટ આપી શકશો નહી. આમ થયેલ માલુમ પડશે તો આપને સોંપેલ ખાંડ પરિવહન ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

સંઘ તાત્કાલિક અસરથી રદ કરી સંઘમાં જમા આપની ડીપોઝીટ અને બીલની રકમ જપ્ત લઇ શકશે. સંઘ હિત અને કામગીરીની અગત્યતાને ધ્યાનમાં લઇ સંઘ યોગ્ય નિર્ણય લઇ શકશે. જરૂર જણાયે કાયદાકીય પગલાં પણ લઇ શકશે. તેમજ તે અંગે થયેલ ખર્ચ સંઘ આપની પાસેથી વસુલ લઇ શકશે.

(૫) **ટેક્ષ:** ઇન્કમટેક્ષ અથવા કોઈપણ ટેક્ષ, આપના ભાડાના બીલમાંથી સરકારશ્રીના કાયદા મુજબ કપાત કરીને જ આપના બીલનું પેમેન્ટ કરવામાં આવશે.

(૬) બીલ પેમેન્ટ : ટ્રક ભાડું, ટોલ ટેક્ષ અથવા તો કોઈપણ જાતની રોકડ રકમ ટ્રક ડ્રાઈવરને અત્રેથી ચુકવવામાં આવશે નહિ. પ્રથમ પખવાડિયાનું બીલ દર માસની ૨૦ મી તારીખ સુધી રજુ કર્યેથી અને બીજા પખવાડિયાનું બીલ બીજા માસની ૫ મી તારીખ સુધી રજુ કર્યેથી અનુક્રમે બીજા માસની ૪ થી અને ૧૯ મી તારીખ સુધીમાં બીલની રકમ સંઘ કાયદા પ્રમાણે અને અન્ય કોઈ કપાત હોય તે કાપીને બેંક મારફત સંઘ ખાતે નોધાયેલ આપના ખાતામાં ચૂકવશે.

૭ કોન્ટ્રાક્ટ અંગે ટ્રાન્સપોર્ટરની જવાબદારી :

(૧) સંઘના અધિકારીની સૂચના મુજબ દક્ષિણ ગુજરાતમાં આવેલ “શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ”., ધારીખેડા – ભરૂચ અથવા “સહકારી ખાંડ ઉદ્યોગ મંડળ લિ.”, ગણદેવી – નવસારી સુગર ફેક્ટરીમાંથી જણાવેલ જથ્થા મુજબની ખાંડની ડીલીવરી ટ્રક મારફત સંઘના એકમો દૂધસાગર ડેરી – મહેસાણા તથા દૂધસાગર ડેરી – વિહાર, તાલુકો – વિજાપુર સ્ટોર ખાતે પહોંચાડવાની તમામ કાર્યવાહી ટ્રાન્સપોર્ટર તરીકે આપે કરવાની રહેશે. સદર કામગીરીની સૂચના મળતા ૨૪:૦૦ કલાકની અંદર આપનું વાહન ઉપરોક્ત સૂચિત સુગર ફેક્ટરીઓ ખાતે ખાંડના લોડીંગ માટે હાજર કરવાનું રહેશે.

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

(૨) સંઘની જરૂરિયા અને સૂચના મુજબ આપે (ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરે) ખાંડના લોડીંગ માટે ટ્રક (વાહન) મોકલવાની રહેશે. જો ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરે સમયમર્યાદામાં વાહનની વ્યવસ્થા ન કરી શકે તો સંઘ અન્ય વાહનની વ્યવસ્થા કરી શકશે. જે અંગે થયેલ વધારાના તમામ ખર્ચની જવાબદારી ટ્રાન્સપોર્ટર તરીકે આપની રહેશે. થયેલ વધારાના ખર્ચની રકમ ઉપરાંત સંઘને યોગ્ય લાગે તેટલી પેનલ્ટી ની રકમ આપના બિલમાંથી વસુલ કરવામાં આવશે.

(૩) ઉપરોક્ત સૂચિત સુગર ફેકટરી ખાતે ખાંડ લોડીંગ માટે જતી આપની ટ્રક સંપૂર્ણ સાફ – સફાઈ કરેલ હોવી જોઈએ. તેની અંદર અન્ય માલસામાન, કચરો કે ધૂળ પડેલ ન હોવો જોઈએ.

(૪) ખાંડ પરિવહન દરમ્યાન ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઇને ખાંડની સેફ્ટી માટે તાડપત્રી ઈત્યાદીની વ્યવસ્થા આપે (કોન્ટ્રાક્ટરે) સ્વખર્ચે ફરજીયાત કરવાની રહેશે.

(૫) આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ કામદાર, ડ્રાઈવર, કંડકટર, કે ક્લીનર વિગેરેની નિમણુંક સરકારશ્રીના ધારા – ધોરણ મુજબ કરવાની રહેશે, તેમજ તેમને ચુકવવામાં આવતા વેતન તથા હક્ક – હિસ્સાની સંપૂર્ણ જવાબદારી ઇજારદાર(કોન્ટ્રાક્ટર) તરીકે આપની રહેશે.

(૬) સદર કામગીરી સાથે સંકળાયેલ આપના ટ્રક ડ્રાઈવરના અકસ્માત, બીમારી, વીમાની તમામ જવાબદારી આપની રહેશે. સંઘની કોઇજ પ્રકારની જવાબદારી રહેશે નહિ.

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

(૭) આપના વાહન ઉપર રોકાયેલ ડ્રાઈવરનો પગાર, પી.એફ., રજાઓ, બોનસ, ગ્રેજ્યુએટી વિગેરેની લેબર કોન્ટ્રાક્ટના કાયદાઓ મુજબની જવાબદારી આપના શીરે રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટર તરીકે આપ કોઈપણ કારણોસર/સંજોગોવસાત ભરવામાં નિષ્ફળ જશો તો આપના બીલમાંથી અથવા ડીપોઝીટમાંથી તેટલી રકમ કપાત કરી કાયદેસર રીતે સંઘ સરકારી ખાતામાં ભરી શકશે., અને આ બાબતમાં આપ (કોન્ટ્રાક્ટર) કોઈપણ જાતનો વાંધો લઇ શકશો નહિ, તેમજ આપના કોન્ટ્રાક્ટને અનુલક્ષી ભવિષ્યમાં પણ આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે.

(૮) કોન્ટ્રાક્ટમાં મુકેલ વાહનથી કે આપના કોન્ટ્રાક્ટમાં રોકેલ માણસો (ડ્રાઈવર /ક્લીનર) થી સંઘની મિલ્કત કે અન્ય કોઈના જાન કે માલને નુકશાન થશે તો તે અંગેની તમામ જવાબદારી આપની (ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરની) રહેશે. આવા સંજોગોમાં જો કોઈ ફોજદારી કે દીવાની જવાબદારીઓ ઉભી થાય તો તે અંગે સંઘની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૯) આપનું વાહન રસ્તામાં ખોટવાઈ જાય અથવા બ્રેકડાઉન થાય ત્યારે જે - તે વખતે તેમાં ભરેલ ખાંડ નિયત સમયમાં સંઘના સૂચિત એકમ ખાતે પહોચાડવાની રહેશે. આવા સંજોગોમાં માલસામાનને નુકશાન ન થાય તે રીતે સંપૂર્ણ જવાબદારીપૂર્વકની કામગીરી નિયત સમયમાં કરવાની રહેશે. ચોમાસાની સીઝનને ધ્યાનમાં લેતાં વરસાદ થી સંઘની ખાંડ બગડે નહિ તે માટે ટાટપત્રી ઈત્યાદીની વ્યવસ્થા આપે સ્વખર્ચે કરવાની રહેશે. આપની નિષ્કાળજીના કારણે સંઘની ખાંડને નુકશાન થશે તો નુકશાનીની રકમ તમારા બીલ /ડીપોઝીટની રકમમાંથી વસુલ લેવામાં આવશે. જરૂર જણાયે સંઘ નુકશાનીની વસુલી અંગે કાયદાકીય પગલાં પણ લઇ શકશે. જે અંગે થયેલ વધારાનો તમામ ખર્ચ આપની પાસેથી વસુલ લેવામાં આવશે.

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

(૧૦) સુગર ફેકટરીમાંથી ખાંડની ડીલીવરી લેતી વખતે ખાંડની બોરી /કટ્ટામાં ખાંડની પુરતી ચકાસણી કરી, સંઘના ઓર્ડર મુજબની ખાંડ કચરારહિત, ભેજ રહિત તેમજ ગઠ્ઠા સિવાયની આવે તે અંગેની સંપૂર્ણ જવાબદારી આપની રહેશે. તેમજ તૂટેલ બોરી /કટ્ટા તેમજ ડેમેજ ખાંડ કે ઓછી બોરી /કટ્ટા ન આવે તેની યોગ્ય કાળજી રાખવાની રહેશે.

(૧૧) અમારો સંઘ આઈ.એસ.ઓ. ૨૨૦૦૦ : ૨૦૧૮ ની કાર્ય પધ્ધરતીનો અમલ કરતો હોઈ, ટેન્ડર મંજુર થયેથી કોન્ટ્રાક્ટરે તેમના વાહનનું ફૂડ સેફ્ટી લાઇસન્સ અને પી.યુ.સી.(પોલુંસન અંદર કંટ્રોલ) સર્ટીફીકેટ જવાબદાર એજન્સી પાસેથી મેળવી રજુ કરવાનું રહેશે અને સમયાન્તરે રીન્યુ કરેલ સર્ટીફીકેટ સંઘને આપવાનું રહેશે. આવું સર્ટીફીકેટ રજુ કરવામાં નહી આવે ત્યાં સુધી બીલ અટકાવવામાં આવશે. આઈ.એસ.ઓ. ૧૪૦૦૧ : ૨૦૧૫ અન્વયે પર્યાવરણ પધ્ધરતીની માર્ગદર્શિકા ઈ.એમ.એસ. & ISO 9001 :2015 Quality Management System (QMS) & ISO 22000 :2005 Food Safety Management System (FSMS) Standards ગાઈડ લાઈન્સ અન્વયે કોન્ટ્રાક્ટ ની કામગીરી કરવાની રહેશે.

૮ ખાંડ પરિવહન દરમ્યાન નુકશાની:

(૧) ખાંડ પરિવહન દરમ્યાન કોઈપણ પ્રકારનું નુકશાન થશે તો તેની નુકશાની વત્તા પેનલ્ટી આપની પાસેથી વસુલ કરવામાં આવશે. ચોમાસાને ધ્યાનમાં લઇને ખાંડની સેફ્ટી માટે તાડપત્રી ઈત્યાદીની વ્યવસ્થા આપે (કોન્ટ્રાક્ટરે) ફરજીયાત કરવાની રહેશે.

(૨) કુદરતી કે અનિવાર્ય સંજોગોમાં : આગ, અકસ્માત કે હુલ્લડના કારણે આપની ટ્રકમાં ભરેલ ખાંડ ઢોળાઈ જાય કે વેડફાઈ જાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

તમારી રહેશે. તેમ છતાં આ અંગે જે તે સમય, સ્થળ અને અકસ્માતનો પ્રકાર વગેરે ધ્યાને લઇ નુકશાની અંગેનો નિર્ણય સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી કરશે, જે આપને બંધનકર્તા રહેશે.

(૩) આપની ટ્રક મારફતે આવેલ ખાંડના વજનની ચકાસણી કરતાં ખાંડના જથ્થામાં કોઈ ઘટ ન હોય, ખાંડની બોરીઓ/કટ્ટા તેની મૂળ સ્થિતિ મુજબ હોય અને વજન કાંટામાં તફાવત હોય તો સંઘ દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે આપે મંજુર રાખવાનો રહેશે. (કુલ વજનમાથી ૦.૨૫% અથવા ૧૦૦ કિલો બન્નેમાંથી જે પણ ઓછું હશે તે (વજન કાંટા તફાવત) મજરે આપવામાં આવશે.)

૯ **સંઘના નીતિ – નિયમો ભંગ થવા બદલ પેનલ્ટી :**

(૧) સંઘ પરિસરમાં આપનું વાહન નિયત ગતિ મર્યાદામાં ચાલવું જોઈએ તેમજ વાહનમાંથી ઓઈલ ટપકતું ન હોવું જોઈએ . જ્યારે આપનું વાહન થોભાવાનું હોય ત્યારે એન્જીન અચૂક બંધ કરવાનું રહેશે નહીતર દંડ પેટે રૂપિયા ૨૦૦/- બિલમાંથી કપાત કરવામાં આવશે.

(૨) આપના કોન્ટ્રાક્ટમાં રોકાયેલ ટ્રક ડ્રાઈવરે સંઘના નીતિ - નિયમો તેમજ આઈ.એસ.ઓ. ગાઈડ લાઈનનુંપાલન કરવાનું રહેશે તેમજ સંઘ ની કોઈપણ જાતની મિલકતને નુકશાન ન થાય તેની કાળજી રાખવાની રહેશે. આપના કોન્ટ્રાક્ટમાં રોકાયેલ વાહનથી કે ડ્રાઈવરની બેકાળજી કે નિષ્કાળજીને લીધે સંઘની કોઈપણ જાતની મિલકતને નુકશાન થશે તો થયેલ નુકશાનની રકમ આપના બિલ/ડીપોઝીટમાંથી વસુલ(કપાત) કરવામાં આવશે.

(૩) સંઘની પ્રીમાઈસિસમાં સંઘના નીતિ - નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ આપના ડ્રાઈવરો તેમજ કલીનરોએ સારી વર્તણુંક રાખવાની રહેશે જેવી કે બીડી - તમાકું, પાન-મસાલા, ગુટખા ,દારૂ, વિગેરે વ્યસન કરી શકશે નહી અને જો તેમ કરતાં પકડાશે તો સંસ્થાના નીતિ - નિયમ મુજબ દંડ વસુલ કરવામાં આવશે.

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

(૪) ખાંડ પરિવહનની કામગીરી દરમ્યાન ટ્રક ડ્રાઈવર / ક્લીનર સંસ્થાના કર્મચારી સાથે ગેરવર્તણુંક કરશે તો શિસ્ત ભંગ બદલ રૂપિયા ૧૦૦૦/- નો દંડ ડ્રાઈવરને તેમજ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરને રૂપિયા ૫૦૦૦/- પેનલ્ટી કરવામાં આવશે. ડ્રાઈવર દંડનીય રકમ ભરવા આનાકાની કરે અથવા ભરવામાં અસમર્થ હોય તેવા સંજોગોમાં ઉપરોક્ત તમામા દંડનીય રકમ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર પાસેથી અથવા તેના બીલ / ડીપોઝીટની રકમમાંથી સંઘ વસુલ લઇ શકશે. વધુમાં ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટરે તે ડ્રાઈવર / ક્લીનર ની જગ્યાએ નવા ડ્રાઈવર / ક્લીનર કામગીરીમાં મુકવાના રહેશે. જો ગેરવર્તણુંક વધુ ગંભીર જણાશે (અપમાનજનક અથવા અભદ્ર ભાષાનો ઉપયોગ, મારપીટ વગેરે) તો આ મામલાની તપાસ માટે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવશે. આ સમયે ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર તરીકે આપે ત્યાં હાજર રહેવાનું રહેશે. આપની ગેરહાજરી બદલ દંડનીય કાર્યવાહી સાથે કોઈપણ જાણ કર્યા સિવાય આપને સોપેલ કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવશે.

(૫) સદર કોન્ટ્રાક્ટ દરમ્યાન આપનો ડ્રાઈવર /ક્લીનર સંઘની કોઈ પેદાશ કે વસ્તુની ચોરી કરતાં પકડાશે તો વસ્તુની કિમંતની દશ ગણી રકમ પેનલ્ટી/દંડ પેટે આપના બીલ/ડીપોઝીટમાંથી કપાત કરવામાં આવશે. તેમજ ગંભીર ગુનામાં સંઘ ખાતે ચાલતો આપનો કોન્ટ્રાક્ટ રદ કરવા અંગે સંઘને મુખત્યાર રહેશે.

૧૦ અધવચ્ચે કોન્ટ્રાક્ટ છોડી દેવાના સંજોગોમાં :

જો સદર કોન્ટ્રાક્ટ આપને ફાળવવામાં આવશે અને તે સ્વીકાર કર્યા બાદ પાછળથી આપ જો કોન્ટ્રાક્ટ સમય દરમિયાન અધવચ્ચે કામ છોડી દેશો તો આપની ટેન્ડર ડીપોઝીટ અને બિલમાંથી કપાત કરવામાં આવેલ ૫% વધારાની ડીપોઝીટ સહીત બધીજ રકમ જપ્ત કરવામાં આવશે, જે આપને પરત કરવામાં આવશે નહિ. તેમજ સંઘની કામગીરી માટે આપને બ્લેક લીસ્ટ કરવામાં આવશે,

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા
પોષ્ટ બોક્ષ નં. ૦૧, હાઈવે રોડ, મહેસાણા - ૩૮૪૦૦૨
ફોન નંબર – ૦૨૭૬૨ – ૨૫૩૨૦૧

૧૧ કોન્ટ્રાક્ટ રદ કરવા અંગે :

સદર કોન્ટ્રાક્ટ સંઘ જરૂર પડે ત્યારે કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય રદ કરી શકશે. અધવચ્ચે કોન્ટ્રાક્ટ રદ કરવાના સંજોગોમાં કોઈપણ જાતના નાણાં વળતર તરીકે ચુકવવામાં આવશે નહિ.

૧૨ કોન્ટ્રાક્ટ સબંધી અથવા શરતોના અર્થઘટન બાબતે :

સદર કોન્ટ્રાક્ટ અનુસંધાન ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર તરીકે આપના અને સંઘના કોઈ અધિકારી વચ્ચે કામગીરી બાબતે કોઈપણ મતભેદ ઉપસ્થિત થશે તો, સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રી જે નિર્ણય કરે તે આખરી ગણાશે અને જે આપને બંધનકર્તા રહેશે.

૧૩ કાયદાકીય કાર્યવાહી અંગે :

સદર કોન્ટ્રાક્ટ સંદર્ભે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની થાય તો , તે માટે મહેસાણાની કોર્ટ ન્યાયનું કાર્યક્ષેત્ર ગણાશે.

૧૪ ટેન્ડર મંજુર /નામંજુર કરવાનો અધિકાર :

સૌથી ઓછા ભાવનું ટેન્ડર અથવા કોઈપણ ટેન્ડર કારણ આપ્યા સિવાય મંજુર કે નામંજુર કરવાનો અબાધિત અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ઉપરોક્ત તમામ શરતો મે/અમે ધ્યાનપૂર્વક સભાન અવસ્થામાં વાંચેલ છે અને તેના પાલન સાથે કોન્ટ્રાક્ટના સમયગાળા દરમ્યાન પાલન સાથે કામગીરી કરવા બંધાયેલ છું/ છીએ.

સ્થળ :..... તારીખ :.....

નામ:.....

સરનામું:.....

મોબાઈલ નં.:.....

ટ્રાન્સપોર્ટરના સહી, સિક્કા